જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૦૯/૨૦૧૮ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૪૯૫ લીટર દેશી દારૂ, ૧૯૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪૦ ઇંગ્લીશ ક્વૉટર, ૧૩૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૮ કેસ કરી ૯૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૫૨,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૮/૧૮**

**સાબરમતી** : પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૫૫)(રહે,ઉગતી પ્લેટીનમ સાગર સંગીત વિ-૧ ની બાજુમાં સોલા) એ તા.૧૩/૮/૧૮ બપોરના ૨/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન કોટીલ્ય-૯૯ વૈષ્ણોદેવી અંડરબ્રીજ ની બાજુમાં ત્રાગડની સીમ સાઇડ ઉપર પાર્ક કરેલ પોતાની કાર ના દરવાજા નો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો મુકેલ બેગ ની ચોરી કરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ પ્રવિણભાઇ પટેલે તા.૧/૯/૧૮ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રસિકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

**ગેટ ઉપરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૬૯૯/૧૮**

**જી.આઈ.ડી.સી. વટવાઃ** અલ્પેશકુમાર અશોકભાઇ ક્રિશ્ચીયન (ઉ.વ.૨૫) (રહે.વિંઝોલ ગામ) તા.૧/૯/૧૮ રાતના સમયે વટવા જી.આઇ.ડી.સી. ફેઝ-૨ મા આવેલ બોદલ કેમીકલ કંપનીના બંધ ગેટ ઉપર ચડતા, અચાનક પડી જતા માથા માં ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જી.આઈ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ચૌહાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.